January 2023

શ્રી પાટણ જૈન મંડળ
સેવા * સહકાર * સંગઠન
ESTD. 1912
Shree Patan Jain Mandal

# પાટણપ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 18 • Issue 4 / 203

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

• Mumbai • Page 20 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

મારા પ્યારા સ્નેહી, સ્વજનો, મિત્રો

પ્રણામ !

વર્ષ ૨૦૨૩નો નવો સૂર્યોદય પૃથ્વીના પ્રાંગણમાં પ્રકાશનો પૂંજ પાથરીને ફરીથી આપણને નવા ૩૬૫ દિવસની ડાયરી ભેટ આપીને તેમાં સંદેશો પાઠવે છે કે, **"હે માનવ, દેવ દુર્લભ માનવ જન્મ તને આપીને પ્રભુએ તારું ગૌરવ કર્યું છે, તો માનવ જન્મ ધન્ય બને એવા રૂડા કાર્યો તું કરજે... સ્વયં પ્રભુ પ્રસન્ન થશે નવા વર્ષની શુભેચ્છાનું અત્તર આપ સર્વેના હૃદયમાં પ્રેમ, સ્નેહ અને લાગણીની સુવાસ સાથે મહેકતું રહે.."**

શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુના આશીર્વાદથી પાટણ ખાતે શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય પ્રાઈમરી સેક્શનમાં દાનવીરોના અભૂતપૂર્વ દાનનું કન્ફર્મેશન મળેલ છે. ૭૫ ટકાથી વધારે ડોનેશન આવી ગયું છે. સાયન્સ લેબોરેટરી અને કોન્ફરન્સ હોલ તથા પાંચ કલાસરૂમ બાકી છે. તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૩ વસંત પંચમીના શુભ દિવસે પાટણ-શાળાના પટાંગણમાં જ ખાતમૂર્હુત કરવાનું નક્કી કરેલ છે.

ગોરેગામ ખાતે **મેડિકલ હેલ્થકેર સેન્ટર** બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, ખૂબજ સુંદર આધુનિક સિસ્ટમના લેટેસ્ટ મશીનો તથા અન્ય ઉપકરણો વસાવવાની ઈચ્છા છે. ખૂબજ શાનદાર અને આધુનિક સગવડતાભર્યું અને પાટણ સમાજને ગર્વ થાય તેવું મેડિકલ સેન્ટર તૈયાર કરવામાં આપ સર્વેજનોનો સાથ-સહકાર અનિવાર્ય છે. **મેડિકલ સેન્ટર માટે મુખ્ય દાતાનું નામ આપવામાં આવશે. એની રકમ રૂા. ૫.૨૫ (રૂા. પાંચ કરોડ પચ્ચીસ લાખ)ની રકમ રાખવામાં આવેલ છે.** ''જનસેવા એજ પ્રભુ સેવા''ને ધ્યાનમાં રાખીને જે દાતાને રસ હોય તે અમને જરૂરથી જણાવે.

ગોરેગામમાં ૪૫૦ થી વધારે પટણીઓના ફેમિલી છે. ૩૦૦૦થી વધારે જૈનોના પરિવારો છે. પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના ૯ થી વધારે ઉપાશ્રયો છે અને વધુમાં નજીક બીજા પરાઓમાં વસતા આપણા પાટણ સમાજનાં પરિવારો, અન્ય જૈન પરિવારો આ સેન્ટરનો લાભ લઈ શકશે. આ પુણ્યાનુબંધી પુણ્યનું લાભ મુખ્ય લાભાર્થીને મળશે. તો આવો સુંદર લાભ લેવાનું ચૂકતા નહીં.

તા. ૨૪ ડિસેમ્બરના રોજ ઈન્ડોર ગેમ્સમાં લગભગ ૧૭૫થી વધારે ખેલાડીઓએ ભાગ લીધો હતો. ૫ વર્ષથી લઈને ૭૦-૭૫ વર્ષ સુધીના પટણીઓ ઉત્સાહભેર ફેમિલી સાથે ભેગા થયા હતા. આ કાર્યક્રમને અદ્‌ભુત સફળતા મળી હતી. ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ એમ. શાહે અને તેમની ટીમે ખૂબજ પરિશ્રમ લીધો હતો. શ્રી વિનેશભાઈ શાહ, શ્રી કમલેશભાઈ નગરશેઠ (ડાયરેક્ટર), શ્રી પરેશભાઈ શાહ, શ્રી મેહુલભાઈ શાહ આ સર્વે મિત્રોએ ખૂબજ સાથ-સહકાર આપી આ કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા. આવતા વર્ષે અગાઉથી આયોજન કરીને વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લઈ શકે તે બાબતને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવશે.

શ્રી પાટણ જૈન મંડળનાં બેનર હેઠળ **પાલિતાણા યાત્રા પ્રવાસ લાભાર્થી શ્રી પંકજભાઈ નેમચંદ શાહ પરિવાર અને શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા પરિવારના** સંયુક્ત ઉપક્રમે મંડળના પ્રથમ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ શાહે ખૂબજ સક્રિય રસ લઈને શેત્રુંજય તીર્થ યાત્રા પ્રવાસને સફળતા અપાવવા માટે અથાગ પરિશ્રમ કર્યો છે, ૩૨૫ થી વધારે યાત્રિકો જોડાયા છે.

Cont. page 2

શ્રી જીગરભાઈ શાહ, શ્રી જયેશભાઈ શાહ તથા ટીમના સભ્યોને અભિનંદન અને અનુમોદના. સંસ્થાની ઓફિસના સ્ટાફનો તથા જ્ઞાનેશભાઈ લાપસિયાનો આ કાર્યક્રમમાં સાથ-સહયોગ આપવા બદલ આભાર. **આવતા વર્ષે સમેતશિખર પ્રવાસનું આયોજન કરવાનું વિચાર્યું છે. તો જે દાતાઓને રસ હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે.**

તા. ૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ શ્રી સૌરીનભાઈની સ્પોન્સરશીપમાં પીપીએલ ટુર્નામેન્ટનું બહુજ રોમાંચક અને ઉત્તેજનભર્યા વાતાવરણમાં ક્રિકેટ મેચ ટુર્નામેન્ટનું ઓપનીંગ કરવામાં આવ્યું. ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહના નેતૃત્વમાં શ્રી વિનેશભાઈ શાહ, શ્રી કમલેશભાઈ ડાયરેક્ટર, પરેશભાઈ શાહ, મેહુલભાઈ શાહ અને સમગ્ર ટીમે ખુબજ મહેનત કરીને ચોકસાઈપૂર્વક આયોજન કર્યું હતું.

અત્યારે ૧૪૦ થી વધારે ખેલાડીઓની એન્ટ્રી આવેલ હતી જેમાં ૧૦૦ જેટલા પ્લેયરો રમી શકે છે. એમાં બાકી રહી ગયેલ ૪૦ પ્લેયરો પણ રમી શકે તે માટે અત્યારના રનીંગ ટીમ ઓનર્સના ડ્રેસમાં રમાશે અને સ્પોન્સર્સ પણ સાથે જોડાશે એ રીતે ટુર્નામેન્ટનું આયોજન નવેમ્બર વર્ષ ૨૦૨૩માં કરવાની ઈચ્છા છે.

જીવન મહેકના કન્વીનર શ્રી હિતેનભાઈ વીમાવાળાના નેતૃત્વમાં અને એમની ટીમ દ્વારા પનવેલ ખાતે આવેલ આયુષ રીસોર્ટમાં આયોજીત અપરિણિત યુવક-યુવતી પરિચય સમ્મેલનમાં ૮૦થી વધારે યુવક-યુવતીઓએ ભાગ લઈને આ કાર્યક્રમની ગરીમા વધારી. ખુબ સુંદર આયોજન હતું, આગામી ત્રીજો પ્રોગ્રામ માર્ચ મહિનામાં કરવાનો નિર્ણય લીધો છે તો સમાજનાં અપરિણિત દરેક યુવક-યુવતીઓએ ભાગ લેવા વિનંતી છે.

શ્રી શેત્રુંજય તીર્થના યાત્રા પ્રવાસમાં જોડાયેલા બધા યાત્રિકો સુખ શાતામાં હશો, તમારા સહકાર બદલ આભાર.

**''સૌ હેતથી સાથે મળે તે અવસર, પ્રસંગ કહેવાય,**
**સહુ સાથે હેતથી અવસરની ઉજવણી કરીએ તે ઉત્સવ કહેવાય.''**

પ્રતિ ક્ષણ ઈશ્વર કૃપા અને આપ સર્વેની કૃપાનુંભૂતિને અંતે હૃદયમાં ઉગતી પ્રાર્થનાના શબ્દો સરી પડે છે. 'સર્વે સુખીન ભવંતુ'

**થેન્કયુ - આભાર**

**તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૩ - ભારત દેશના ૭૪માં પ્રજાસત્તાક દિન નિમિત્તે આપ સર્વેને શુભ કામના**

## વંદે માતરમ્, માઁ તુજે સલામ



## તંત્રી સ્થાનેથી...

# અહંકારને જાકારો આપો

ઈસુના નવા વર્ષ ૨૦૨૩માં આપણે પ્રવેશ કર્યો છે, ત્યારે પ્રભાતના સૂર્યકિરણો વ્યક્તિને માટે એક સંદેશ લઈને આવે છે, **''હે માનવી ! ફરીથી સર્જનહારે તારા માટે હરિયાળી જાજમ પાથરીને નવા સમયની તને ભેટ આપી છે. તો હવે તારા ભૂતકાળને ભૂલી જા, તને બુદ્ધિ ઈચ્છા શક્તિ, સાધન અને બળ આપ્યા છે તો તેનો સદ્‌પયોગ કરી જીવનની એક એક પળ શુભ ભાવ અને શુભકાર્યમાં લગાવી દે.''**

પરંતુ માનવી પાસે તો ફરી ફરી રોજ રોજ એક વિકલ્પ ખડો થઈ જાય છે. આજના દિવસનો પ્રારંભ કઈ રીતે કરવો છે ? ઉત્સાહથી પ્રારંભ કરવો છે કે ગઈકાલની દુઃખદ ઘટનાઓને નિરાશાપૂર્વક યાદ કરીને કરવો છે ?

સદા પ્રસન્ન રહેતી વ્યક્તિ સવારે પ્રફુલ્લતા અને પ્રસન્નતાને જ પસંદ કરે છે એ માટે દિવસને આનંદભેર વ્યતિત કરવા માટે તૈયાર થાય છે.

**આઈન્સ્ટાઈન** કહે છે, આ પૃથ્વી ઉપર માનવ જન્મ લેવાનો એક દૈવી હેતુ છે પણ જેમ જેમ તેનો શારિરીક, માનસિક અને આર્થિક વિકાસ અને પ્રગતિ થતાં જાય છે, તેની પાસે સુખ દોડીને આવે છે ત્યારે જ તેનો 'સ્વભાવ નડે છે' તે અહંકારી બનતો જાય છે. જે કાંઈ છે તે બધુ મારા લીધે જ છે. 'હું પદ' વધતું જાય છે, અહંકારનો તો મોટો પહાડ બની જાય છે એની સાથે ભાષા પરનો સંયમ ગુમાવી દે છે, ક્રોધનો પણ પ્રવેશ તેના સ્વભાવમાં થાય છે.

મહાભારતનું યુદ્ધ પૂરું થઈ ગયું હતું. અઢાર અક્ષૌહિણી સેનાના સંહારનું મૃત્યુ તાંડવ ખેલાઈ ચૂક્યુ હતું. લોહીની નદીઓ વહેતી હતી, ભીષ્મ અને દ્રોણ જેવા મહાયોદ્ધાઓ અને મહામાનવો યુદ્ધ ભૂમિ પર પરાસ્ત થયા હતા. કૃષ્ણ ભગવાન અર્જુનના સારથી હતા, તેઓ રથને યુદ્ધભૂમિની બહાર હંકારી રહ્યા હતા. રથમાં બેઠેલા અર્જુન પોતાના વિજયથી મનોમન પોતાની જાતને શાબાશી આપી રહ્યો હતો જો કે ભીષ્મ, દ્રોણ, કર્ણ, દુર્યોધન જેવા સેનાનીઓની વિશાળ અને સુસજ્જ સેનાને હરાવવી એ કોઈ સાધારણ ઘટના નહોતી એટલે માણસમાં આવા વિજયથી ગર્વ અને અભિમાન આપોઆપ પ્રગટવા માંડે તો જ નવાઈ લાગે.

અર્જુનને લાગ્યું કે આ તો મારા સામર્થ્ય અને બાહુબળનો પ્રતાપ છે અંતર્યામિ ભગવાન અર્જુનના મનમાં આવેલી અહંકારની લહેરખીને પામી ગયા. કુરુક્ષેત્રની બહાર રથ નીકળ્યો એટલે રથને ઊભો રાખીને કૃષ્ણ કહે છે કે, 'અર્જુન તમે હવે આ રથ પરથી હેઠા ઉતરી જાવ.' અર્જુન ગર્વથી છલકાતો હતો એટલે વિજયી અદામા કહ્યું કે, 'નિયમ એવો છે કે પહેલા સારથી રથ પરથી ઉતરે અને પછી જ યોદ્ધો ઉતરે તે પહેલા કદાપિ નહીં.'

કૃષ્ણ તો અર્જુનના માત્ર સારથી જ નહોતા, તેના સખા હતા, મિત્ર હતા એટલે એમણે ફરી ફરી અર્જુનને રથમાંથી નીચે ઉતરવા કહ્યુ, પણ અર્જુન તો માનેજ નહીં, છેવટે કૃષ્ણએ મર્યાદા તોડીને અત્યંત ગુસ્સાભર્યા સ્વરે અર્જુનને રથ પરથી ઉતરવાનો આદેશ આપ્યો અર્જુન કૃષ્ણનો ક્રોધ પામીને ઉતરી ગયો અને પછી કૃષ્ણ જેવા રથમાંથી ઉતર્યા કે તરત જ રથને આગ લાગી ગઈ.

જોતજોતામાં તો રથ રાખનો ઢગલો થઈ ગયો. અર્જુને ભગવાન કૃષ્ણને આમ થવાનું કારણ પૂછ્યું ત્યારે એમણે કહ્યુ, 'તું વિજયી થવા છતાં ભીષ્મ પિતામહ અને દ્રોણાચાર્યના બાણોની તાકાતને સમજી શક્યો નથી. ભીષ્મ, કર્ણ વગેરેના બાણોના અગ્નિથી આ રથ પહેલેથી જ અગનગોળો બની ગયો હતો. એટલે જ હું આ રથ પરથી પહેલો ઉતરું તો તરત જ રથ સળગી ગયો હોત અને વિજયનો કોઈ અર્થ રહેત નહીં. વિજય પરાજયમાં પલટાઈ જાત માટે ક્યારેય મનમાં ખોટો અહંકાર પ્રવેશવા દેવો નહીં.'

વર્ષ ૨૦૨૩માં કંઈ પણ મેળવવાની યાદી કરો તો એમાં પહેલું સ્થાન 'Peace of Mind' મનની શાંતિને જ આપજો કેમ કે એ મળી જશે તો બાકીનું બધુ જ બરાબર મળી જશે તેના માટે અહંકારને જાકારો આપીએ તો (Peace of mind) મળે અને જીવન સાર્થક થયાનો અહેસાસ પણ કરી શકે છે.

**અસ્તુ...**



**મકર સંક્રાંતિની શુભકામના**

પૃથ્વી પરની દરેક વ્યક્તિ પોતાની કામનાઓ, સપનાઓ અને આકાંક્ષાનો પતંગ ચગાવી શકે, ટકાવી શકે અને સ્થિર રાખી શકે એટલો અવકાશ, આકાશ પાસે છે, પણ કમનસીબે આપણને તો મઝા કાપવામાં આવે છે. દરેક પતંગને પોતાનું આકાશ મળી રહે, દરેક પોતાનું આકાશ રચી શકે તેવી શુભકામનાઓ.

❑ **ભારતી બી. શાહ**

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત મેડિકલ કેમ્પ, ભાયંદર

**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના ૪૦ વર્ષ કે તેથી વધુ વયના ભાઈ-બહેનો માટે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે, તે જણાવતા અમને આનંદ થાય છે.**

## સૌજન્ય દાતા

**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)**
**શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ શાહ હ. શ્રી હેમંતભાઈ શાહ (સાલવી વાડો)**
**શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ શાહ હ. શ્રી નિખીલભાઈ શાહ (ખજુરીનો પાડો)**
**શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)**

**રવિવાર, તા. ૧૨મી ફેબ્રુઆરી ૨૦૨૩**
**સ્થળ : ભક્તિ વેદાંત હૉસ્પિટલ, ભાયંદર (ઈ) ○ સમય : સવારે ૭.૦૦ કલાકેથી....**

**આ શિબિર તમારા અને તમારા પરિવાર માટે નિ:શુલ્ક વિવિધ બિમારીઓ માટે ડાયોગ્નોસિસ કરવાનો લાભ લેવાની તક છે, શિબિરમાં નીચે આપેલ પરિક્ષણોનો સમાવેશ થાય છે.**

## રક્ત પરિક્ષણ:

સીબીસી, લીવર પ્રોફાઈલ, કિડની પ્રોફાઈલ, લિપિડ પ્રોફાઈલ, ટીએસએચ, આરબીએસ.
+ ECG (શંકાસ્પદ દર્દીઓ માટે) + ફિઝિશિયન કન્સલ્ટેશન (બધા માટે) + આંખની તપાસ (બધા માટે)
+ નિષ્ણાતની સલાહ (જો જરૂરી હોય તો) - કાર્ડિયોલોજિસ્ટ, ઓર્થોપેડિક, ગાયનેકોલોજિસ્ટ (જરૂરી મુજબ)
ચિકિત્સક દ્વારા સૂચવ્યા મુજબ ઉપરોક્ત જણાવ્યા સિવાય જરૂરી અન્ય કોઈપણ પરિક્ષણો નીચે પ્રમાણે અલગથી કરવામાં આવશે.
2D ઈકો, બોન ડેક્સા, મેમોગ્રાફી, USG પેટ / પેલ્વિસ, એન્ડોસ્કોપી.

**સવારના દરેક સભ્યોના ઉપર મુજબના ટેસ્ટીંગ થયા બાદ એજ સ્થળે મેડિકલ સેમીનારનું આયોજન પણ રાખેલ છે, જેમાં અવશ્ય સહભાગી થશો.**

મેડિકલ સેમીનારમાં જોડાનાર ભાઈ-બહેનોએ તે અંગેનું નિયત ફોર્મ સંસ્થાના નીચે મુજબના કાર્યલયો ખાતેથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી વ્યક્તિ **દિઠ રૂા. ૨૦૦/- રીફંડેબલ ડિપોઝીટ** ભરી નામ નોંધણી કરવાનું રહેશે.
આ ડિપોઝીટની રકમ તમને કેમ્પની મુલાકાત પર પરત કરવામાં આવશે.

**નામ નોંધણી કરવાની છેલ્લી તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૨૩ છે.**

(૧) **શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૮૭૭૯૧૬૧૨૦૯

(૨) **શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨.
સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૪.૦૦ થી ૭.૦૦ ફોન : ૯૧૫૨૯૯૮૮૬૫

(૩) **શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ-૪૦૦૦૬૮
સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૩.૩૦થી ૬.૩૦ ફોન: ૨૮૯૧૧૩૦૮

અમે આશા રાખીએ છીએ કે તમે આ સુંદર તકનો લાભ ઉઠાવશો અને કેમ્પમાં આપવામાં આવતી તબીબી સેવાઓનો લાભ લેશો. જો તમને કોઈ મુંઝવણ હોય, તો કૃપા કરીને અમારો મંડળના મુખ્ય કાર્યાલય ખાતે ફોન દ્વારા સંપર્ક કરવામાં અચકાશો નહીં.

**નોંધ:** (૧) આ કેમ્પનું આયોજન સમાજનાં બોરીવલી થી વિરાર રહેતા પરિવારજનો માટે યોજેલ છે.
(૨) આ કેમ્પમાં વહેલો તે પહેલોના ધોરણે ૨૫૦ સભ્યોનો સમાવેશ કરવામાં આવશે.
(૩) જેઓએ નામ નોંધાવેલ હશે તેઓ માટે સવારે અલ્પાહાર તથા સેમીનાર પશ્ચાત ભોજનની વ્યવસ્થા રાખેલ છે.
(૪) બ્લડ ટેસ્ટના રીપોર્ટ માટે ૧૨ કલાકનું Fasting જરૂરી છે.

**અમે શિબિરમાં તમારી સહભાગીતા માટે આતુર છીએ અને તમને ૧૨મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ભક્તિ વેદાંત હૉસ્પિટલમાં મળવાની આશા રાખીએ છીએ.**

❑ **મેડિકલ સમિતિ**

# શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક સમિતિ આયોજિત
# અપરિણિત યુવક-યુવતીઓ માટેની પીકનીક

મંડળની જીવન મહેક સમિતિ દ્વારા સમાજનાં અપરિણિત યુવક-યુવતીઓ માટેના ફ્રેન્ડશીપ ગ્રુપમાં જોડાયેલા યુવક-યુવતીઓ માટે **રવિવાર તા. ૦૮-૦૧-૨૦૨૩ના આયુષ રીસોર્ટ, પનવેલ** ખાતે એક દિવસીય પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સમાજના અપરિણિત યુવક-યુવતીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને આ કાર્યક્રમને સફળતા અપાવી હતી. ૮૦ યુવક-યુવતીઓએ નામ રજિસ્ટ્રેશન કરાવ્યા હતા.

યુવક-યુવતીઓ નિખાલસતાથી મૈત્રિભાવ સાથે એકબીજાની નજીક આવે એ માટે વિવિધ પ્રકારની ગેમ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન **શ્રી ફાલ્ગુની મિલન શાહ** (લીમડીનો પાડો) દ્વારા ખુબજ સરસ રીતે રસપ્રદ શૈલીમાં કરવામાં આવ્યું હતું. બધાએ એકબીજાને પોતાના બાયોડેટા શેર કર્યા હતા.

સંસ્થાના વાઈસ પ્રેસિડન્ટ તેમજ કન્વીનર શ્રી હિતેનભાઈ વીમાવાળાના નેતૃત્વમાં અને ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહના પ્રોત્સાહનથી આ કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા હતા.

આ કાર્યક્રમના આયોજકો **ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ વીમાવાળા, માનદ્‌મંત્રીઓ શ્રીમતી મોનાબેનશાહ, શ્રીમતી હેમાબેન શાહ તથા શ્રી સંજયભાઈ શાહે** તથા સમિતિના સભ્યોએ અથાગ પરિશ્રમ કર્યો હતો.











# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

## સ્પંદન કાર્યક્રમ, વિવિધ યુનિટ ઉદ્‌ઘાટન અને નૂતન પ્રાથમિક ભવન ભૂમિપૂજન અહેવાલ



નૂતન પ્રાથમિક ભવનના દાતાશ્રી ત્રિભુવનભાઈ પટેલનું અભિવાદન



મહેમાનો દ્વારા દાતાશ્રીના સ્ટેચ્યુને ફુલહાર

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ ખાતે દિનાંક ૧૭-૧૨-૨૦૨૨ શનિવારના રોજ વિવિધ કાર્યક્રમનું આયોજન વિદ્યાલય પટાંગણમાં કરવામાં આવ્યું હતું. **આ પ્રસંગે સમગ્ર વિદ્યાલય પટાંગણને રંગબેરંગી ફૂલો તથા લાઈટની રોશની દ્વારા સુશોભિત કરાયું હતું.**

બપોરે ૧૨.૩૯ કલાકે નૂતન નિર્માણાધીન પ્રાથમિક શાળાના ભવનનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે **સંસ્થાના પ્રમુખશ્રી દાનેશભાઈ વી. શાહ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ એન. શાહ, શ્રી રવિભાઈ એસ. શાહ તથા વિદ્યાલયના મંત્રી શ્રી ભરતભાઈ સી. શાહ, માનદમંત્રી શ્રી હિતેશભાઈ જે. શાહ તથા શ્રી જીગરભાઈ જી. શાહ** ઉપસ્થિત રહ્યા હતા.

બપોરે ૩.૦૦ કલાકે ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોશિયેશનનું સ્નેહ મિલન તથા જનરલ મીટીંગ રાખવામાં આવી હતી.

બપોરે ૪.૦૦ કલાકે વિદ્યાલયના દાતાશ્રીના સ્ટેચ્યુને ફૂલહાર કરી, નવા બનાવવામાં આવેલા ૨ સ્માર્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. **રીનોવેટ થયેલ એસી. સેન્ટ્રલ હોલનું ઉદ્‌ઘાટન દાતાશ્રી ત્રિભોવનભાઈ પટેલ, મંડળના પ્રમુખશ્રી દાનેશભાઈ દ્વારા સૌ હોદ્દેદારોની હાજરીમાં થયું હતું.** હોલને ખુલ્લો મુક્યા બાદ તરતજ વિદ્યાર્થીઓના સન્માન સમારંભનું આયોજન થયું હતું, જેમાં વિવિધ ક્ષેત્રે **ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પારિતોષિક તથા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.**

આ પ્રસંગે ભૂતપૂર્વ **ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીભાઈ પટેલ તથા DEO શ્રી અશોકભાઈ ચોધરીની** વિશેષ ઉપસ્થિત રહી હતી.

**સાંજના ૫.૦૦ કલાકે વિદ્યાલયની બાજુમાં બહાર રોડ પર શ્રી પાટણ જૈન મંડળ - બી.ડી.એસ. વિદ્યાલય દ્વારા તૈયાર કરાયેલ ભક્તિવન, ભૂતપૂર્વ એસોશિયેસન દ્વારા તૈયાર કરાયેલ શક્તિવન અને બી.ડી.એસ. આર્ટ્સ, સાયન્સ, કોમર્સ કોલેજ અને બી.કે. સાલવી એજ્યુકેશન કેમ્પસ દ્વારા તૈયાર કરાયેલ શાંતિવન ગાર્ડનોનું** પાટણના **મેયર શ્રીમતી સ્મીતાબેન પટેલ, કોર્પોરેટર શ્રી મનોજભાઈ પટેલ તથા સંસ્થાના હોદ્દેદારોના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન** થયા હતા, ત્યારબાદ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.



મંડળના હોદ્દેદાર તથા દાતાશ્રી દ્વારા પ્રાથમિક શાળા ભવનનું ભૂમિ પૂજન




નવા તૈયાર કરેલા શાંતિવન, ભક્તિવન અને શક્તિવન ગાર્ડનનું ઉદ્‌ઘાટન



રીનોવેટ કરાયેલા વિદ્યાલયના એસી સેન્ટ્રલ હોલનું ઉદ્‌ઘાટન

# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

## સ્પંદન કાર્યક્રમ અહેવાલ



આયોજિત સ્પંદન કાર્યક્રમમાં વિદ્યાલયના વાર્ષિક પ્રકાશન અંક સૌરભ તથા ૨૦૨૩ના કેલેન્ડરનું વિમોચન કરતા મંચસ્થ મહાનુભવો



સ્પંદન કાર્યક્રમમાં ઉપસ્થિત જન સમુહ




ઉચ્ચ માધ્યમિકના વિદ્યાર્થિઓ દ્વારા રજુ કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક



પ્રાથમિક શાળાના વિદ્યાર્થિઓ દ્વારા રજુ કરાયેલ કાર્યક્રમની ઝલક

એન્યુઅલ ડે નિમિત્તે આયોજિત ''સ્પંદન'' કાર્યક્રમ સાજે ૬.૦૦ કલાકે શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પધારેલ મહેમાન **દાતાશ્રી ત્રિભુવનભાઈ પટેલ, પાટણના મેયર શ્રીમતી સ્મીતાબેન પટેલ, કોર્પોરેટર શ્રી મનોજભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખશ્રી દાનેશભાઈ વી. શાહ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ, વિદ્યાલય માનદ્‌મંત્રી શ્રી ભરતભાઈ સી. શાહ, અતિથિ વિશેષ ડૉ. યશવંતભાઈ એચ. ઝવેરી, શ્રી સોનીરભાઈ સાંડેસરા, માનદ્‌મંત્રી શ્રી હીતેશભાઈ જે. શાહ તથા શ્રી જીગરભાઈ જી. શાહનું** પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરાયું હતું.

આજના આ અવસરે નૂતન વિદ્યાલય ભવનના **દાતાશ્રી ત્રિભુવનભાઈ પટેલનું સન્માન** કરવામાં આવ્યું હતું. આજના પ્રસંગે વિદ્યાલયનું **વાર્ષિક પ્રકાશન ''સૌરભ''** તેમજ ૨૦૨૩ના કેલેન્ડરનું વિમોચન મહેમાનશ્રીઓના હસ્તે કરાયું હતું. સ્પંદન સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાના ભૂલકાઓ તથા **પ્રાથમીક શાળા અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રાસ, ગરબા, નાટક સહીતની વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવી હતી, દેશભક્તિ, સ્વચ્છતા, બેટી પઢાઓ વિગેરે થીમ પર વિવિધ કૃતિઓની થયેલી રજુઆતને લગભગ ૧૭૦૦થી વધુ પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી હતી.** આ કૃતિઓથી પ્રભાવિત થઈ **ઉપસ્થિત જન સમુહમાંથી લગભગ ૬૦ હજારથી વધુ રકમના ઈનામો** આ કાર્યક્રમમાં ભાગ લેનારને આપ્યા હતા.

આજના આ સમગ્ર દિવસના કાર્યક્રમને સફળ બનાવવા **પ્રિન્સીપલ ડૉ. શ્રી બળદેવભાઈ દેસાઈ, પ્રાથમિક વિભાગના પ્રિન્સીપલ શ્રી હીરાભાઈ પ્રજાપતિ, સુપરવાઈઝર શ્રી પશાભાઈ, કન્વીનર શ્રી પી. ડી. ઝાલા** વિગેરેએ જહેમત લીધી હતી. સંસ્થા સર્વની કામગીરીને બીરદાવતા હર્ષની લાગણી અનુભવે છે.

૩ ગાર્ડન, ૨ સ્માર્ટ ક્લાસ, સેન્ટ્ર હોલ ને ટૂંક સમયમાં તૈયાર કરવામાં **લોકલ સમિતિના ડૉ. અતુલભાઈ અગ્રવાલ, શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, શ્રી કેતનભાઈ પટેલ, શ્રી કલ્પેશભાઈ બારોટ, શ્રી હરનીશભાઈ શાહ, ડૉ. રાકેશભાઈ શાહ, શ્રી ધીરૂભાઈ શાહ તથા શ્રી કમલેશભાઈ શાહ તેમજ શ્રીમતી મેનાબેન પટેલ** વિગેરેએ ઉમદા યોગદાન આપ્યું હતું. સર્વને અભિનંદન.

Shree Patan Jain Mandal
જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન

# SHREE PATAN JAIN MANDAL PATAN INDOOR OLYMPICS 2022

TITLE SPONSOR
THE ROYALEUM ATELIER

તા. ૧૭, ૧૮ અને ૨૪ ડિસેમ્બર, ૨૦૨૨નાં NSCI Club ખાતે યુનીક ઓલિમ્પિક રમતોત્સવ શાનદાર રીતે યોજાયો હતો.

લગભગ ૧૦ થી ૧૨ વર્ષ પછી સ્પોર્ટ્સ સમિતિ દ્વારા ખુબજ મોટા પાયે અને સફળતા પૂર્વક યોજાયેલ. આ રમતોત્સવમાં બેડમિન્ટન, કેરમ, ટેબલ ટેનીસ, ચેસ જેવી રમતોમાં ૭ વર્ષથી ૮૩ વર્ષ સુધીના ૧૭૫ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

તા. ૧૭ ડિસેમ્બરના રોજ પાટણ ઈન્ડોર ઓલિમ્પિકની ઓપનીંગ સેરેમની થઈ. **ધ રોયેલિયમ એટેલિયરના ટાઈટલ** સ્પોન્સર (કનાસાના પાડો) **શ્રીમતી હેતલબેન તથા શ્રી ધવલભાઈ શાહના** કર કમળો દ્વારા એકબીજાને મો મીઠુ કરાવી રમતોનો શુભારંભ કર્યો. સૌએ એકબીજાને શુભેચ્છા આપી.

ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ એમ. શાહે ઉપસ્થિત સર્વેનું ભાવભર્યું સ્વાગત કર્યુ. સેક્રેટરી શ્રી વિનેશભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી પરેશભાઈ અને સહમંત્રી **શ્રી મેહુલભાઈ** અને સંપૂર્ણ સમિતિએ આવા Magnificest Indor Event યોજવા બદલ ખુબ ખુબ અભિનંદન. ઉપપ્રમુખ **શ્રી હિતેનભાઈ વીમાવાળા** અને સંસ્થાના સેક્રેટરી **શ્રી દેવેશભાઈ** પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. **શ્રી વિનેશભાઈએ** પણ આ પ્રસંગે બધા ખેલાડીઓને શુભેચ્છા આપી હતી અને આ પ્રસંગે હાજર રહેનાર સર્વે ટીમના સ્પોન્સર **શ્રી ધવલભાઈ અને હેતલબેન શાહ, શ્રી કેતનભાઈ શાહ, શ્રી દાનેશભાઈ શાહ, શ્રી આશિષભાઈ અને શ્રી જીગ્નેશભાઈ શાહ, શ્રી સંજયભાઈ અને દીપાલીબેનનો** હૃદયપૂર્વક આભાર માન્યો હતો. શ્રી મેહુલભાઈ વ્યાસનો હોલ બુકીંગ કરી આપવા બદલ આભાર માનવામાં આવ્યો હતો.

આ ટુર્નામેન્ટના નીચે મુજબના સ્પોન્સર્સના આર્થિક યોગદાન બદલ સંસ્થા આભારી છે.

**(૧) પી. રોહિતકુમાર એન્ડ કું. (૨) વી.એસ. ઈન્ટીરીયર્સ (૩) એચ. કે. સ્ટ્રાઈકર્સ (૪) સુપર સ્ટ્રાઈકર્સ**
**(૫) સુપર સ્મેશર્સ (૬) રાઈઝીંગ સ્ટાર (૭) મીરેકલ માર્કર્સ (૮) અટર્નલ્સ**

આ સિવાય બધા રેફરી, ઈવેન્ટ ઓર્ગેનાઈઝર ક્લબની સાથે કોર્ડીનેટ કરવામાં સમિતિના સભ્યો દ્વારા સારો સહકાર મળ્યો હતો. ઉપસ્થિત લોકો પ્લેયરોને પ્રોત્સાહીત કરવા આનંદથી વધાવતા હતા. બધીજ રમતોના અંતે જેની રાહ જોઈ રહ્યા હતા તે વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા હતા.

૨૦૦ પોઈન્ટ સાથે ફર્સ્ટ વિનર સુપર સ્ટ્રાઈકર્સ

૬૦ પોઈન્ટ સાથે રનર્સ અપ વી. એસ. ઈન્ટીરીયર્સ

કાર્યક્રમના અંતે ક્લોઝિંગ સેરેમની **શ્રી જીનેન પ્રભાકરે** કરી હતી. જેમાં સંસ્થાના બધાંજ ઉપપ્રમુખો અને મંત્રીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા. મુખ્ય સ્પોન્સરરે દરેક વિનરને અભિનંદન અને શુભેચ્છા આપતા ટ્રોફી પ્રદાન કરી હતી. નાની મોટી મળીને ૮૨ ટ્રોફી અને ૬૦ મેડલ આપવામાં આવ્યા તે માટે એક ગૌરવભરી બાબત છે.

70 + Participant Youngsters ને Momento આપીને બિરદાવ્યા હતા.

સંસ્થાના **પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ** અનિવાર્ય સંજોગોના કારણે હાજર ન રહેલા છતાં ટીમના બધાંજ સભ્યોને અભિનંદન આપ્યા હતા.

ઉપરાંત આવતા વર્ષે આનાથી વધારે એન્ટ્રી આવે અને વધારે સારી રીતે ગેમ્સો રમી શકાય તેવા મોટા પાયે આયોજન કરી શકીએ તેવી ભાવના છે.

(ફોટાઓ માટે જુઓ પાના ૧૯)






# SHREE PATAN JAIN MANDAL

## Youth Empowerment Committee Organises
## Skill Develepment Seminar

Prepare yourself to make your next 5 years, the most amazing years so far! Start your year by armoring yourself with the 3 biggest skills needed to build yourself for the next 5 years in this year!

The world as we've known before has transformed. A college degree and fluency in English won't be enough to build a life. The world is constantly changing, AI is taking jobs and will take about 80% of jobs done by man in the next decade or even before, the recession is around the corner (worst one so far), marketing is not traditional anymore and if you're not online then you don't exist anymore.

Do you think you're prepared for this? Do you have the skills that can help you navigate the world?

You need to build a powerful character, who will commit and carry out what it takes to become successful.

Come and spend 5 hours with us on

**19th March 2023 - 8.30 am onwards**

**Jawahar Nagar Society Hall, S.V. Road, Goregaon (W), Mumbai - 400104**

with brackfast and prepare yourself with the knowledge, time-tested system, and a success formula that will help you build a solid foundation for years to come!

**Age group 15 to 45 years.**

1. **A Strong Mindset :**
   Thoughts become things.
   The world outside is clearly a reflection of the world inside you. To achieve anything in life, you first need the mindset to become a person who can achieve those things.
   Create a mindset that helps you become the person that can fulfill all the dreams you have, and will keep going relentlessly until the dreams turn into reality!
2. **Digital Marketing :**
   Learn the real meaning of Digital Marketing in today's world, and discover the most foundational strategies you can practically implement, without any serious experience, to help other brands promote themselves online to their potential market using, email, social media, Text & Multimedia messaging, all as marketing channels.
   In simpler words, you help other brands grow through the roof, effortlessly, using digital marketing!
3. **Artificial Intelligence :**
   The entire world is moving towards automation more, and faster than ever before!
   Artificial Intelligence is going to be the backbone of the future. Understand how AI can affect our lives and what career potential AI holds in the near future.
   Will AI replace jobs? Will they replace humans? Or How can AI can benefit mankind and lift our life to a better level? Discover the reality, and make yourself future-ready!
   When you equip yourself with these three things, nothing will stop you from achieving the success you desire. You will become truly unstoppable!



# મહાવીરનો કર્મવાદ

આપણી સાવ નજદીકની વ્યક્તિઓ જ આપણને વધુ દુ:ખ આપતી હોય છે, તેનું કારણ શું ? અને તેવે વખતે શું કરવું ?

જેની સાથે સૌથી વધુ પ્રેમ સંબંધ ને સૌથી વધુ દ્વેષ સંબંધ ભોગવવાના બાકી હોય તે જ વ્યક્તિઓ આપણી સૌથી નજદીક આવે છે. બાકી તો દુનિયામાં કરોડો લોકો છે.

લેણદેણનાં સંબંધ વગર કોઈ આપણી સાથે જોડાતું નથી.

કોણ આપણા મા-બાપ બનશે ? કોણ જીવનસાથી ? કોણ ભાઈ બહેન ? કોણ પુત્ર-પુત્રવધુ ? કોણ દીકરી-જમાઈ ? કોણ પાડોશી ? કોણ સગાં-વ્હાલા ?

આ બધું જ આપણે આ સૃષ્ટિમાં જન્મ લેતા પહેલાં ''પૂર્વ જીવનનાં કર્મ પ્રમાણે'' નક્કી થઈ જાય છે, જ્યારે કોઈ આપણા જ નજદીકના વ્યક્તિઓ આપણને દુ:ખ આપતા હોય ત્યારે વિચારવું કે આ મારા સગાં બન્યા છે તે પણ ''માંરાં જ કોઈ પૂર્વજન્મના લેણદેણને કારણે, તે આજે મારી સાથે વેર રાખી રહ્યા છે. તેનું કારણ મારા જીવે પૂર્વજન્મમાં ક્યારેક એ જીવ સાથે વેર બાંધ્યું હશે.

ભલે આજે હું મારી જાતને નિર્દોષ માનતો હોઉં પણ હું ક્યા જાણું છું કે 'પૂર્વ જન્મમાં મેં આનાથી અનેક ઘણું દુ:ખ એ જીવને આપ્યું હશે.' આજે જ્યારે એ જીવ મારી સાથે હિસાબ પૂરો કરવા આવ્યો છે કે મારા જ કૃત્યની મને ભેટ પરત કરવા આવ્યો છે, ત્યારે 'હું સમતાભાવે સહર્ષ સ્વીકાર કરું' તો જ વેરની ગાંઠ ભેદાશે. નહીં તો જન્મોજન્મ ચાલી આવશે.

ના... ના... મહાવીરની 'કર્મવાદ' સમજ્યા પછી મારે એનો ગુણાકાર નથી કરવો. મને આ દુ:ખ સમતાભાવે વેઠવાની, હે પ્રભુ શક્તિ આપ... શક્તિ આપ...

ક્યારેક કોઈ વ્યક્તિ સાથે થોડો વખત સારા સંબંધ રહે છે. પછી એ જ વ્યક્તિ દુશ્મન જેવી બની જાય છે ત્યારે સમજવું કે એની સાથે રાગના સંબંધ હતા તે પૂરા થયા. હવે વેરના સંબંધ ચાલુ થયા લાગે છે. આવે વખતે બે વસ્તુ ધ્યાનમાં રાખવી, રાગ અને પ્રેમના સંબંધોનો ઉદય થાય ત્યારે ખૂબ ખુશ ન થવું, અહંકાર ન કરવો, રાગને ટકાવી રાખવા કાવાદાવા ન કરવા, નહીં તો રાગનાં કર્મોનો ગુણાકાર થઈ જશે.

જ્યારે દ્વેષના કર્મનો ઉદય થાય અને દુશ્મનાવટ થાય ત્યારે અત્યંત દુ:ખી દુ:ખી ન થઈ જવું, રોકકળ ના કરવી. બન્ને સંબંધો સમતાભાવે વેઠવા, વિચારવું કે રાગ પણ કાયમ રહેવાનો નથી, દ્વેષ પણ કાયમ રહેવાનો નથી. કાચના વાસણ જેવા માનવીના મનનો શું ભરસો ? દ્વેષના સંબંધ ઉદયમાં હોય ત્યારે વચ્ચે કોઈ ત્રીજી વ્યક્તિએ જ આમ કરાવ્યું એમ વિચારી કોઈના પણ પ્રત્યે દ્વેષના સંસ્કાર નાખશો નહીં.

ત્રીજી વ્યક્તિને તો હંમેશા નિમિત્ત તરીકે જ જોજો. નિમિત્તને દોષ દેવાનો કોઈ મતલબ નથી. મારા નસીબમાં આમ બનવાનું જ હતું. માટે જ આ વ્યક્તિ આમાં નિમિત્ત બની છે એમ વિચારીને જે બન્યું છે તે બધું જ હસતે મોઢે સ્વીકાર કરવું. આવા વખતે મહાપુરુષોના જીવનને યાદ કરવું. ખુદ મહાવીર ભગવાનના 'દીકરા-જમાઈ જ તેમની વિરુદ્ધમાં હતા.' તો શું મહાવીરે તેમના પર રોષ કર્યો ? જો રોષ કર્યો હોત તો તે મહાવીર બની શકત ?

તમારા નજીકનાં સગાંને જ તમને ખરાબ ચિતરવામાં બહું રસ હોય છે. દૂરના ને તો શું પડી હોય ?

'પાર્શ્વનાથ ભગવાન'ને એમના સગાભાઈનો જીવ, આઠ-આઠ ભવ સુધી તેમને મારવા વાળો બન્યો.

ગાંધીજીને આખી દુનિયા માન આપે છે, તેમનો 'ખુદનો દીકરો' જ તેમના વિરુદ્ધમાં હતો. 'ઈસુ ખ્રિસ્ત'ને ખીલા ઠોકવાવાળા એમના જ માણસો હતા.

આ બધાનો વિચાર કરી મનને સમજાવવું કે 'કસોટી તો સોનાની જ હોય.'

અગર હું પિત્તળની કક્ષામાં છું, તો મારે મારી ભૂલો સુધારી સોનાની કક્ષામાં આવવું. જો હું સોનાની કક્ષામાં છુ તો મારે મારી તો 'જાતને' ભગવાનને ભરોસે છોડી દેવી.

આ જીવ કરોડો વર્ષોના સંસ્કાર સાથે લઈને આવ્યો છે તે કારણે કદાચ તે વ્યક્તિ ઉપર કે નિમિત્ત ઉપર ખૂબ દુ:ખ કે દ્વેષ પણ થઈ જાય. છતાં બને તેટલાં જલ્દી ભાનમાં આવી જઈ હૃદયથી દુશ્મનની પણ ક્ષમા માંગી લેવી.

બને તેટલું આત્મભાવમાં લીન થવું તેથી કર્મ વેઠાશે.

❑ **શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ**



# મન ઝરુખો

વર્ગ ખંડમાં નવા શિક્ષકની પધરામણી થવાની હતી. વિદ્યાર્થીઓ ભિન્ન ભિન્ન રીતે નવા શિક્ષકનું સ્વાગત કરતા હતા. કોઈ વખત બોર્ડ પર કાર્ટુન દોરતા, તો કોઈ શિક્ષકના ટેબલ પર એવી ચીજ વસ્તુ મુકતા કે જેને શિક્ષક હટાવે ત્યારે વિદ્યાર્થીઓ ખડખડાટ હસવા લાગે !

ગણિતના નવા શિક્ષક આલ્બર્ટ વર્ગમાં પ્રવેશ્યા. માથા પર ઉડતા વાળ અને ઊંડી ઉતરેલી આંખો. તોફાની વિદ્યાર્થીઓએ નવા શિક્ષકની ઠેકડી ઉડાડવાનું શરૂ કર્યું, પણ શિક્ષકની સ્વસ્થતાને ઊની આંચ આવી નહીં.

એમણે વર્ગના પાટીયા પર સુંદર અને મરોડદાર અક્ષરે એક સૂચના લખી, એમણે લખ્યું કે વિદ્યાપ્રાપ્તિ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓના વિદ્યાભ્યાસ માટે અભ્યાસમાં રૂચિ નહીં ધરાવતા વિદ્યાર્થીઓ વર્ગની બહાર નીકળી જાય. આટલું લખીને આલ્બર્ટે આખા વર્ગ પર દ્રષ્ટિ ફેરવી અને વિદ્યાર્થીઓ ખામોશ બની ગયા. અત્યાર સુધી આવેલા નવા શિક્ષકો વિદ્યાર્થીઓના આવા સ્વાગતથી કા તો ડરી જતા હતા અથવા ગુસ્સો થઈને દિમાગ ગુમાવતા હતા.

ગણિત શિક્ષક આલ્બર્ટે વિદ્યાર્થીઓને સ્નેહથી કહ્યું, ‘‘મારા બાળદોસ્તો, બાળપણમાં હું પણ તમારા જેવો જ તોફાની હતો. તોફાન કરવામાં એવો એક્કો કે બધા મને હોળીનું નાળિયેર બનાવે  અને હું અભ્યાસને બદલે તોફાન અને અટકચાળામાં જ મારો કિંમતી સમય વેડફતો હતો.

એક દિવસ મેં વિચાર કર્યો મારા અભ્યાસની આટલી બધી ફી માતા-પિતા ચૂકવે છે, ગણવેશ અને પુસ્તકો પાછળ ખર્ચ કરે છે, અરે ! ઘેર ખાવાના સાંસા હોય તેમ છતાં એ કેટલી બધી આશા સાથે મને અભ્યાસ કરાવે છે ! જરૂર પડે તો દેવુ પણ કરે છે. મેં વિચાર્યું કે મારા માતા-પિતા મારા અભ્યાસ માટે આટલી બધી મહેનત કરે અને હું તોફાન અને અટકચાળા પાછળ ભણવાનો સમય વેડફી નાંખુ તે યોગ્ય નથી.’’

વર્ગના વિદ્યાર્થીઓ નવા ગણિત શિક્ષકની વાત સાંભળી રહ્યા એ શિક્ષકે કહ્યુ, ‘‘બસ પેલા વિચારને કારણે મારુ જીવન પરિવર્તન થયું, તોફાન-મસ્તી છોડીને વિદ્યાભ્યાસમાં ડૂબી ગયો. એક સમયનો એ ઠોઠ, તોફાની વિદ્યાર્થી આજે ગણિતશાસ્ત્રમાં પારંગત બનીને શિક્ષક તરીકે તમારી સામે ઊભો છે.’’

વિદ્યાર્થીઓને શિક્ષક આલ્બર્ટ આઈન્સ્ટાઈનની વાત સ્પર્શી ગઈ.

# કામને બોજ માનશો તો સુખ શાંતિ નહીં મળે

એક સમયે રાજાના રાજ્યમાં દુષ્કાળ પડતા રાજાના ભંડાર ખાલી થવા લાગ્યા. દુશ્મનો પણ તેના રાજ્ય ઉપર ચડાઈ કરવા માટે સેનાનું સંગઠન કરી રહ્યા હતા. મહેલમાં અમુક લોકો તેના વિરુદ્ધ ષડ્યંત્ર કરતા પકડાયા. આ બધી ઘટનાઓને કારણે રાજાના જીવનમાંથી સુખ-શાંતિ દૂર થઈ ગઈ હતી.

રાજાનો એક સેવક આખો દિવસ શાહીબાગની દેખરેખ કરતો અને સવાર-સાંજ ભરપેટ સુકી રોટલી ખાતો હતો. પરંતુ તેના ચહેરા ઉપર શાંતિ અને પ્રસન્નતા જોવા મળતી હતી. રાજાને તે સુખી સેવકની ઈર્ષ્યા થતી હતી. રાજા વિચારતા હતા કે, મારા જીવનથી સારું તો આ સેવકનું જીવન છે. કોઈ ચિંતા નથી. પોતાનું કામ કરે છે અને સવાર-સાંજ ભરપેટ ખાવાનું ખાઈને આરામ કરે છે. મારી તો ભૂખ પણ મરી ગઈ છે અને ઊંઘ પણ નથી આવતી.

એક દિવસ રાજાના મહેલમાં સંત પધાર્યા. રાજાએ સંતનો આદર સત્કાર કર્યો અને પોતાની તમામ તકલીફો જણાવી દીધી. સંતે તે રાજાને કહ્યું કે, રાજન તમારી ચિંતાનું મૂળ આ રાજપાટ છે. તમે આ સંપૂર્ણ રાજપાટ મને સોંપી દો અને તમામ ચિંતામાંથી મુક્ત થઈ જાવ.

સંતની વાતથી રાજા સહમત થઈ ગયા. તેમણે સંતને રાજા જાહેર કરી દીધા. પછી સંતે તેમને કહ્યું કે, હવે તમે શું કરશો ?

તો રાજાએ કહ્યું કે, હવે તો મારી પાસે ધન નથી હું ક્યાંક નોકરી કરીશ. સંતે કહ્યું કે, તમે મારે ત્યાં જ નોકરી કરો. મારા રાજ્યનું સંચાલન કરો, તેનો તમને અનુભવ પણ છે. હું તો મારી કુટીરમાં જ રહીશ, તમે મહેલમાં રહીને રાજ્યની વ્યવસ્થા સંભાળી લો.

રાજા તો કામ માટે તૈયાર થઈ ગયા. હવે રાજા ચિંતા મુક્ત હતા. એક નોકર બનીને તેમને સુખ-શાંતિ મળી ગઈ હતી. હવે તે કુશળતાથી રાજ્યનું સંચાલન કરવા લાગ્યા. ભરપેટ ખાતા અને ઊંઘ પણ સારી આવવા લાગી. કેમ કે રાજાને એ વાતની ચિંતા ન હતી કે રાજ્ય ઉપર સંકટ આવી ગયું તો શું થશે ? કેમ કે રાજ્ય તો સંતનું હતું.

થોડા દિવસો પછી સંત મહેલમાં આવ્યા તો રાજાએ કહ્યું મહારાજ હું હવે ઘણો ખુશ છું, સંતે તેમને કહ્યું કે, રાજન તમે પહેલા પણ આ બધું કામ કરતા હતા, પરંતુ તે સમયે તમે કામને બોજ માની લીધુ હતું. હવે તમે તમારા કામને કર્તવ્ય માનીને કરી રહ્યા છો. પ્રસન્ન થઈને કામ કરવાથી તમારું મન શાંત રહેવા લાગ્યું છે તે કારણે જ તમારી ચિંતાઓ દૂર થઈ ગઈ છે.

સંતની વાત સાંભળીને રાજા સમજી ગયા કે કામને બોજ ન માની, તેને પોતાનું કર્તવ્ય માની પોતાનું કામ કરવું જોઈએ. પછી સંતે રાજાને ફરીથી તેમની ગાદી પાછી આપી અને રાજા સારી રીતે રાજ્યનો કારભાર સંભાળવા લાગ્યા.

## ઉતરાયણ

ફક્ત કહેવા ખાતર જ ઉતરાણ છે,
બાકી ક્યાં માંજા સાથે કન્નો બાંધેલ પતંગ છે ?

ફક્ત કહેવા ખાતર જ તિલગુળનો પ્રસાદ છે,
બાકી ક્યાં મુખે તેજ કે કંઠે મિઠાસ છે ?

કહેવા ખાતર જ આ તહેવાર છે,
બાકી ક્યાં ઉમંગ અને ક્યાં ઉલ્લાસ છે ?

કહેવા ખાતર જ ક્યાંક ધાબે જનસમુદાય છે,
